**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ બ્રેમ્પટન, નગરપાલિકાની અગત્યની હિમાયતલક્ષી ટ્રાન્ઝિટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રાથમિકતાઓની ભલામણ કરવી ચાલુ રાખે છે

બ્રેમ્પટન, ઓન્ટારિયો (26 નવેમ્બર 2021) – આ અઠવાડિયે, બ્રેમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown), રિજનલ કાઉન્સિલરો માઈકલ પલેશી અને રોવેના સેન્તોસ, અને સિટીના કર્મચારીઓ સાથે ઓટાવા ખાતે બ્રેમ્પટનના સાંસદો ફેડરલ સરકારને નગરપાલિકાની અગત્યની હિમાયતલક્ષી ટ્રાન્ઝિટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રાથમિકતાઓની ભલામણ કરવા માટે જોડાયા હતાં.

શહેરમાં ફેડરલ સરકારના નિવેશ અને તેની સાથેની ભાગીદારીથી, રહેવાસીઓ માટે વધુ સમાવેશીત, સ્વસ્થ અને ટકાઉ સમુદાયનું નિર્માણ કરવામાં મદદ મળે છે. સિટી ફેડરલ સરકાર પાસે અપેક્ષા રાખે છે કે તમામ બ્રેમ્પટનવાસીઓની જીવન ગુણવત્તામાં સુધારા માટે તેમની પ્રાથમિકતાઓ આગળ ધપાવવા માટે સહાયરૂપ બને.

પ્રોવિંશ્યલ સરેરાશ કરતા બ્રેમ્પટન ત્રણ ઘણી ગતિથી વિકાસ પામી રહ્યું છે. 2001 અને 2019 વચ્ચે રિજન ઓફ પીલમાં બ્રેમ્પટન 70 ટકા જેટલી વસ્તીની વૃદ્ધિ માટે જવાબદાર હતું જેનો અર્થ થયો કે તે વૃદ્ધિ માટે અનુરૂપ ટ્રાન્ઝિટની જરૂરિયાતો સંતોષવા માટે તેમાં રોકાણ કરવું એક પ્રાથમિકતા છે.

75 ટકા બ્રેમ્પટનવાસીઓ જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે અથવા કોઈ એવા વ્યક્તિને જાણે છે જેઓ તેમ કરતા હોય અને 87 ટકા બ્રેમ્પટનવાસીઓ માને છે કે બ્રેમ્પટનમાં વધુ સારૂ જાહેર પરિવહન હોવું જોઈએ. 89 ટકા બ્રેમ્પટનવાસીઓ માને છે કે ફેડરલ અને પ્રોવિંશ્યલ સરકારોએ બ્રેમ્પટનમાં LRT માટે ભંડોળ પૂરું પાડવું જોઈએ.

2021 ફેડરલ ચૂંટણીઓ દરમિયાન સિટીએ અગત્યની ટ્રાન્ઝિટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રાથમિકતાઓની રૂપરેખા બનાવી હતી જેમાં ફેડરલ સરકાર સાથે સહાયક નીધિયન ભાગીદારીની જરૂર હોય. તે પ્રાથમિકતાઓમાં સામેલ છે:

- મેઈન સ્ટ્રીટથી બ્રેમ્પટન GO (ફેડરલ સરકાર પાસેથી માંગેલ રકમ $850 મિલિયન) સંપૂર્ણપણે નીધિયન થયેલ લાઈટ રેલ ટ્રાન્ઝિટ (LRT)
- ક્વિન સ્ટ્રીટ હાઈવે 7 બસ રેપિડ ટ્રાન્ઝિટ / ઝૂમ એક્સપ્રેસ પ્રાદેશિક જોડાણો (ફેડરલ સરકાર પાસેથી માંગેલ રકમ $250 મિલિયન)
- સુધારેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સાયબરસિક્યોર કૅટેલિસ્ટ અનુદાન મંજૂરી (ફેડરલ સરકાર પાસેથી માંગેલ રકમ $80 મિલિયન)
- ત્રીજી ટ્રાન્ઝિટ ફેસિલિટીનું ઈ-બસ ફ્લીટ માટે વિદ્યુતિકરણ (ફેડરલ સરકાર પાસેથી માંગેલ રકમ $75 મિલિયન)
- એક્ટિવ ટ્રાન્સપોર્ટેશન નેટવરકનું વિસ્તરણ (20 વર્ષનો એક્ટિવ ટ્રાન્સપોર્ટેશન પ્લાન – ફેડરલ સરકાર પાસેથી માંગેલ રકમ $42.2 મિલિયન)

લિંક:

- [સરકાર સાથેના સંબંધ, સીટી ઓફ બ્રૅમ્પટન]
- [2021 ફેડરલ પ્રાથમિકતાઓ – સીટી ઓફ બ્રૅમ્પટન]
- [બ્રૅમ્પટન LRT વિસ્તરણ]

**સુવાક્યો**

"બ્રૅમ્પટન કૅનેડાનું સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક છે અને અમારી ટ્રાન્ઝિટ સિસ્ટમો અને ટ્રાન્ઝિટનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિસ્તારવાની જરૂરિયાત હરિત રીતે અને ટકાઉ રીતે પૂર્ણ કરવી તે એક અગત્યની પ્રાથમિકતા છે. ટર્મ ઓફ કાઉન્સિલ ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે બિલકુલ કેન્દ્રિત છે સાથે જ તેમણે ખાતરી કરવી છે કે અમે આપણા શહેરના રહેવાસીઓની પ્રાથમિકતાઓને ધ્યાન પર લઈએ. ઓટાવામાં આપણા ફેડરલ ભાગીદારોએ આપણે માટે જે દ્વાર ખુલ્લા રાખ્યા છે તેની અમને કદર છે અને સાથે જ અમારી સહ-પ્રાથમિકતાઓ માટે આપણા સ્થાનિક સાંસદોનું સમર્થન કેવી રીતે ભૂલી શકાય."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"તાજેતરના વર્ષોમાં સીટી ઓફ બ્રૅમ્પટનનો સરકાર સાથેના સંબંધો અંગેનો અભિગમ એવો છે જેનાથી પ્રોવિંશ્યલ અને ફેડરલ સરકાર પાસેથી મેળવાતા ભંડોળમાં નોંધપાત્ર વધારો થયો છે. શહેરનો સ્ટાફ આપણા ફેડરલ ભાગીદારો સાથે એવા પ્રોજેક્ટ્સ પર કામ કરવાનું ચાલુ રાખશે જેનાથી વિકાસ થતો જશે તેમ તેમ બ્રૅમ્પટનને અત્યારે અને ભવિષ્યમાં ફાયદો થતો રહેશે.

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca